ડીકેએમ હોસ્પિટલ પાસે જ કચરાના ઢગલા

ડોર ટુ ડોરની ગાડી નિયમિત આવતી નથી

સુરતઃ સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશભરમાં ડંકો વગાડનાર સુરત મહાનગરપાલિકાની કામગીરી સામે ખુદ શહેરના કોટ વિસ્તારમાં જ સવાલો ઊભા થયા છે. સલાબતપુરા વિસ્તારમાં આવેલી ડી.કે.એમ. હોસ્પિટલની બિલકુલ નજીક જાહેર રસ્તા પર છેલ્લા 15 દિવસથી કચરાના મોટા ગંજ ખડકાયા છે, જેના કારણે સ્થાનિક રહીશો અને ત્યાંથી પસાર થતા વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ વિસ્તારમાં સેન્ટ્રલ ઝોનના આરોગ્ય વિભાગની ઘોર બેદરકારીને કારણે લોકોનું જીવવું દુષ્કર બન્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અહીં લાંબા સમયથી ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ નિયમિત આવતી નથી, જેના કારણે રસ્તાઓ પર જ કચરાના ઉકરડા બની ગયા છે. આ ગંભીર સમસ્યા અંગે મહાનગરપાલિકામાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્રના પેટનું પાણી પણ હલતું નથી અને અધિકારીઓ તદ્દન આંખ આડા કાન કરી રહ્યા છે.

પાલિકા દ્વારા એકતરફ ડિજિટલ પ્લેટફોર્મ અને જાહેરાતો મારફતે સ્વચ્છતાના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ જમીની હકીકત કંઈક જુદી જ ચિત્ર રજૂ કરે છે. સલાબતપુરાના રહીશોએ આક્રોશ સાથે જણાવ્યું છે કે, તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે સમગ્ર વિસ્તાર નર્કાગારમાં ફેરવાઈ ગયો છે. આગામી દિવસોમાં ચોમાસાની ઋતુ વિધિવત રીતે શરૂ થવા જઈ રહી છે, ત્યારે રસ્તા પર સડતા આ કચરાના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. સ્થાનિકોમાં ભય છે કે જો આ ઉકરડા તાત્કાલિક દૂર કરવામાં નહીં આવે, તો વરસાદી પાણી ભરાતાની સાથે જ મચ્છરજન્ય અને પાણીજન્ય જીવલેણ રોગચાળો ફાટી નીકળશે. વહીવટી તંત્ર સત્વરે જાગીને આ કાયમી સમસ્યાનો ઉકેલ લાવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

પાલ વોક-વે સામે છેલ્લા 10 દિવસથી પાણીની લાઈનમાં ભંગાણ

રાંદેર ઝોનમાં આવેલા પાલ વોકવેની સામેના વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી પીવાના પાણીની મુખ્ય લાઈન તૂટી ગઈ હોવા છતા તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી રહી નથી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાણીની પાઇપલાઇનમાં મોટું ભંગાણ સર્જાવાને કારણે ચોવીસે કલાક હજારો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વહી રહ્યું છે. એક તરફ ઉનાળાની ઋતુમાં મનપા દ્વારા લોકોને પાણી બચાવવાની અપીલ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ વહીવટી તંત્રની ઘોર બેદરકારીને કારણે રોજ કિમતી પાણીનો સરેઆમ બગાડ થઈ રહ્યો છે. પાણી સતત રસ્તા પર ભરાઈ રહેવાને લીધે ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે સ્થાનિક રહેવાસીઓ દ્વારા સંબંધિત ઝોન ઓફિસમાં અવારનવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા હજુ સુધી કોઈ સંતોષકારક પગલાં લેવામાં આવ્યા નથી. 10 દિવસ વીતી ગયા છતાં લાઈનનું સમારકામ ન થતાં હવે સ્થાનિક જનતામાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પરવટ ગામમાં રિક્ષા પલટી જતાં ચાલકનું મોત

સુરતઃ પરવટગામમાં રિક્ષા પલટી જતા ચાલકનું મોત થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશ બનારસના વતની 32 વર્ષીય અબ્દુલ્લા સમસુદ્દીન અન્સારી રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો અને હાલમાં લિંબાયત મીઠી ખાડી પાસે રહેતો હતો. કાલે રાત્રે અબ્દુલ્લા રિક્ષા લઈને પુણાગામથી ગોડાદરા તરફ જતો હતો. તે સમયે પરવટગામ ફેબ્રીજો માર્કેટ પાસે બમ્પર આવતા અબ્દુલ્લાએ બ્રેક મારતા રીક્ષા પલટી થઈ ગઈ હતી. સર્જાયેલા આ અકસ્માતમાં અબ્દુલ્લાને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન અબ્દુલ્લાનું મોત નિપજ્યું હતું.

સચિનમાંથી સગીરાનું અપહરણ કરનાર બિહારમાં ઝડપાયો

સુરતઃ સચીન વિસ્તારમાં કાયદેસરના વાલીપણામાંથી એક ૧૪ વર્ષીય સગીરાને લગ્નનો વાયદો કરી ભગાડી જનારને પોલીસે બિહારથી ઝડપી લીધો છે અને કિશોરીને હેમખેમ મુક્ત કરાવી તેના વાલીવારસોને સોંપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગઇ તારીખ ૧૧/૦૫/૨૦૨૬ના રોજ સચીન સ્લમબોર્ડમાંથી ૧૪ કિશોરીને અજાણ્યો ભગાડી ગયા હતો. તરુણી સગીર વયની હોવાથી પોલીસે અપહણણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ કેસમાં પોલીસે રકસોલગામ (પૂર્વ ચંપારણ, બિહાર)ના અને હાલ સચીન જલારામનગર (બ્લોક નં. ૧૮૫) ખાતે રહેતા ૨૨ વર્ષીય આરોપી વિદાન્તકુમાર રાજેશકુમાર શાહને પકડી લીધો હતો અને સગીરાને છોડાવી લીધી હતી.

૧૪.૮૦ લાખનાં ચેક રિટર્ન કેસમાં આરોપીને સજા

સુરતઃ ૧૪.૮૦ લાખનાં ચેક રિટર્ન કેસમાં કોર્ટે આરોપીને કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા જકેશ ધામેલિયાએ ઉગ્રાણનાં ધર્મેશકુમાર ઘીરુભાઈ હિરપરાને મિત્રતાનાં સંબંધે ધંધા માટે ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ ૩. ૧૪.૮૦ લાખની મદદ કરી હતી. જે પેટે આરોપીએ ફરિયાદીને આપેલો ચેક રિટર્ન થતાં તેમણે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી ધર્મેશકુમારને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ફરિયાદી ને ચુકવવા હુકમ કર્યો હતો.

કઠોરમાં માનસિક બીમારીથી કંટાળીને યુવતીએ ફાંસો ખાધો

સુરતઃ કઠોર ગામમાં માનસિક બીમારીથી કંટાળીને યુવતીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ કઠોર ગામમાં ગ્રીન રેસિડેન્સીની સામે આવેલ ગુલિસ્તાન નગરમાં રહેતા રિક્ષા ચાલક આબિદશાહ ફકીરની 22 વર્ષીય પુત્રી ફરઝાના છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી. જેની દવા પણ ચાલુ હતી. તેણે મંગળવારે બપોરે ઘરના પહેલા માળે રૂમમાં કૂલર ઉપર ચડીને લોખંડની એંગલ સાથે કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

પિતાએ નવો ફોન પંદર દિવસ બાદ લેવાનું કહેતાં આપઘાત

વરાછામાં ચાની હોટલ ચલાવતા પિતાને પુત્ર મદદરૂપ પણ થતો હતો

સુરતઃ વરાછામાં નવો ફોન પંદર દિવસ બાદ લેવાનું કહેતા માઠું લાગી આવેલા પુત્રએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની ભોળાભાઈ સિંઘવ હાલમાં વરાછા વિસ્તારમાં આવેલ ઈશ્વરનગર સોસાયટીમાં પત્ની તેમજ 20 વર્ષીય પુત્ર ધ્રુવ સાથે રહે છે અને સ્થાનિક વિસ્તારમાં ચાની હોટલ ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમજ તેમનો પુત્ર ધ્રુવ પણ હોટલના કામમાં મદદરૂપ થતો હતો. ધ્રુવને નવો મોબાઈલ ફોન લેવાનો હતો. જેથી તેએ પરિવારમાં ફોન લેવાની વાત કરી હતી. વારંવાર જીદ કરતા ધ્રુવને તેના પિતાએ 15 દિવસ બાદ ફોન અપાવશે તેમ કહ્યું હતું. જે વાતનું માઠું લાગી આવતા ધ્રુવે મંગળવારે સાંજે માતા શાકભાજી લેવા ગઈ ત્યારે ઘરમાં પંખા સાથે સાડી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો.

શાકભાજી લઈને પરત આવેલી માતાએ પુત્રને લટકતી હાલતમાં જોઈને પડોશીઓના મદદથી નીચે ઉતારીને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. એકના એક પુત્રએ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ અંગે વધુ તપાસ વરાછા પોલીસ કરી રહી છે.

ભાઠામાં ટોળાં બનાવીને ફરતાં કૂતરાંથી ભયનો માહોલ

રખડતાં કૂતરાંના ન્યુસન્સને નાથવામાં તંત્ર ઘૂંટણિયે

સુરતઃ રખડતાં કૂતરાના ત્રાસથી સુરતીઓમાં ભારે ફફડાટ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ભાઠા આખા ગામમાં, ગ્રીન સિટીના પાછળના ભાગમાં તેમજ ભાઠા સાંઈ મંદિર પાસે રખડતા શ્વાનોએ અડિંગો જમાવ્યો છે. અહીંથી પસાર થતા નિર્દોષ રાહદારીઓ પાછળ કૂતરાઓ હડકાયા થઈને દોડતા હોવાની અનેક ઘટનાઓ રોજબરોજ સામે આવી રહી છે.

સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ શાળા કે ટ્યુશન જતા માસૂમ બાળકોની છે, જેમના માટે આ રખડતા કૂતરાઓ અત્યારે મોટું જોખમ બની ગયા છે. વહેલી સવારે કે સાંજના સમયે બાળકોને એકલા મોકલતા વાલીઓના જીવ અધ્ધર થઈ જાય છે, છતાં તંત્ર આ ગંભીર બાબતને કેમ નજરઅંદાજ કરી રહ્યું છે તે સમજાતું નથી.

સ્થાનિકો સખત શબ્દોમાં આક્ષેપ કરી રહ્યા છે કે મહાનગરપાલિકાનું તંત્ર માત્ર દેખાડો કરવા પૂરતી જ કામગીરી કરી રહ્યું હોય તેમ દેખાઈ રહ્યું છે.

પાલિકા બાળકનો ભોગ લેવાય તેની રાહ જોઈને બેઠું છે કે શું, તેવો ઉગ્ર સવાલ પૂછીને લોકો તાત્કાલિક પાંજરે પૂરવાની કામગીરી કરવાની માંગ કરી રહ્યા છે.

ચાર વર્ષ સુધી શરીર સંબંધ બાંધી પ્રેમિકાને તરછોડી દીધી

ઇન્સ્ટા પર મુલાકાત થયા બાદ લગ્નનો વાયદો કરી જુદી જુદી હોટલમાં દુષ્કર્મ કરનાર ઝડપાયો

સુરતઃ સુરતના નાનપુરા વિસ્તારમાંથી સામે આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર યુવતી સાથે પરિચય કેળવી, લગ્નની ખોટી લાલચ આપી સતત ચાર વર્ષ સુધી તેનું શારીરિક શોષણ કરનાર એક યુવકને અઠવા પોલીસે દબોચી લીધો છે. ભોગ બનનાર યુવતીની ફરિયાદના આધારે પોલીસે નરાધમ પ્રેમી સામે ગુનો નોંધી જેલભેગો કર્યો છે. નાનપુરા વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય યુવતી એપ્રિલ ૨૦૨૨માં ઈન્સ્ટાગ્રામના માધ્યમથી અકબર સઈદના ટેકરા પાસે રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતાં ૨૮ વર્ષીય વસીમ નિસાર શેખના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે શરૂ થયેલી વાતચીત અંતે ગાઢ પ્રેમસંબંધમાં પરિણમી હતી. સંબંધો વધુ મજબૂત થતાં વસીમે યુવતી સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકી યુવતીને વાસનાનો શિકાર બનાવવાનું શરૂ કર્યું હતું. ચાર વર્ષ સુધી તે તેને ઉધના વિસ્તારની અલગ-અલગ હોટલોમાં મળવાના બહાને બોલાવતો હતો. ત્યાં લગ્નના વાયદાઓ આપીને તે યુવતીની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધો બાંધતો રહ્યો હતો. ત્યાર બાદ તેણે લગ્નનો ઈનકાર કરી યુવતીને તરછોડી દીધી હતી. જેથી અઠવા પોલીસે યુવતીની ફરિયાદના આધારે

વસીમ નિસાર શેખ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે.

અડાજણમાં મનપાના રિઝર્વ પ્લોટ પર કબજો કરી ડ્રેનેજની ચેમ્બર તોડી પાડી

દબાણકર્તાઓએ મનપાના પ્લોટની દીવાલ તોડી પાડી માટીના ઢગલા કરતાં પગલાં લેવા પૂર્વ કોર્પો. ઉષા પટેલની માંગ

સુરતઃ અડાજણ ગામ વિસ્તારમાં આવેલા સુરત મહાનગરપાલિકાના રિઝર્વ પ્લોટની બહાર ગેરરીતિઓ અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાના મામલે કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે. માજી કોર્પોરેટર ઉષા પટેલે મનપા તંત્રને રજૂઆત કરી જવાબદારો સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે, રિઝર્વ પ્લોટનો કેટલાક લોકો દ્વારા ગેરકાયદે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પ્લોટની દીવાલ તોડવા ઉપરાંત ત્યાં માટીના ઢગલા કરવામાં આવ્યા છે.

વધુ ગંભીર બાબત એ છે કે વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી ડ્રેનેજ લાઇન અને તેનું ચેમ્બર પણ તોડી પાડવામાં આવ્યું હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે. આ પ્રકારની બેદરકારીના કારણે મહાનગરપાલિકાની મિલકતને નુકસાન થયું છે અને તેના સમારકામ માટે હજારો રૂપિયાનો ખર્ચ કરવો પડશે. આ ખર્ચ અંતે પ્રજાના કરવેરાનાં નાણાંમાંથી જ થવાનો હોવાથી જવાબદારો સામે કડક કાર્યવાહી જરૂરી હોવાનું ઉષા પટેલે જણાવ્યું છે. તેમણે સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ કરાવી નુકસાનની વાસ્તવિક સ્થિતિ જાણવા, જવાબદાર વ્યક્તિઓની ઓળખ કરી તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરવા તેમજ થયેલા નુકસાનની રકમ તેમની પાસેથી વસૂલ કરવાની માંગ કરી છે. સાથે જ ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને એ માટે રિઝર્વ પ્લોટોની નિયમિત દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

ખૂન કેસના આરોપી નાસી જવાના લાંચ કેસમાં ૧૪ નિર્દોષ

વર્ષ-૨૦૧૦માં પોલીસ જામીના કર્મીએ રૂપિયા લઇ આરોપીને ભાગવામાં મદદગારી કરી હતી

સુરતઃ ખુન કેસના આરોપી અશોક કાઠી તેમજ એન.ડી. પી.એસ.ના કેસના આરોપી શાહબુદ્દીનને રૂ.૭,૫૦૦ની લાંચ લઈ બહાર જવા દેવા માટે નાસી જવાની તક આપવાનાં કેસમાં હેડ ક્વાર્ટર્સના પોલીસ કોન્સ્ટેબલ સહિતનાં ૧૪ આરોપીને સ્પેશિયલ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. ડીસીબી આરોપીઓને મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલમાં લાવી હતી ત્યાંથી આરોપી ભાગ્યા હતા. આ કેસમાં ડીસીબી પીઆઇ જે.એમ. પટેલ દ્વારા તા.૦૩/૧૦/૨૦૧૦ના રોજ આરોપી અશોક બાલુભાઈ રાદડિયા, શાહબુદ્દીન છોટુખાન ચિત્તા, અજય કાંતીલાલ ગાંજાવાલા, દિપક ખેમચંદ પીપરોડીયા, સુશીલ દિપકભાઈ ડોક્ટર, ગીતાબેન અશોકભાઈ રાડદીયા, ભાવેશ બાલુભાઈ રાડદીયા, જયદેવ બાળકદાસ મકવાણા, અનિલ ભગવાનદાસ જરીવાલા,મુકેશ ઉર્ફે મીત ધનસુખભાઈ કહાર, દિલીપ મંગલસિંહ ભાંમરે, શાંતિલાલ ઝીણાભાઈ, દિનેશ મોહનભાઈ ચૌધરી, સુભાષ રતિલાલ સુરતી વિરુદ્ધ જુદી જુદી કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ કોર્ટમાં ચાલી હતી. ફરીયાદ પક્ષ તરફથી કોર્ટમાં કુલ્લે ૧૪ જેટલા સાહેદો તપાસવામાં આવ્યા હતા. બચાવ પક્ષે સીનિયર વકીલ ગૌતમ આઈ. દેસાઈ તથા વકીલ ચેતન કે. શાસ્ત્રીએ દલીલો કરી હતી.

Panoramic Education
Learn. Excel. Achieve.
CA Foundation - Intermediate - Final
12 All India Ranks in May 2026 Exams
6 All India Ranks in CA Final May 2026
AIR 8 (Online Student) Diya Mangala Hemant Bora
AIR 10 1st in SURAT Akshat Renuka Ganesh Beriwala
AIR 41 3rd in SURAT Akshat Laxmi Naveen Goyal
AIR 45 4th in SURAT Krutika Pratibha Virendra Singhal
AIR 49 5th in SURAT Aman Rekha ShivKumar Agrawal
AIR 49 5th in SURAT Bhumika Ashu Gaurav Bansal
Results so nice! We did it twice!
6 All India Ranks in CA Intermediate May 2026
AIR 37 Shashwat Ritu Rupesh Gupta
AIR 43 Krishna Ritu Nitesh Khetan
AIR 44 Chirag Sonia Naresh Bhurani
AIR 46 Drashya Babita Ramprasad Agarwal
AIR 47 Aayush Rinku Mukesh Kakrania
AIR 50 Shreyansh Suraj Jitendra Kothari
Vesu : 314, J9 Highstreet, Canal Road.
Parvat Patiya : 2nd Floor, Karunesh Nagar.
95865-66100

Ministry of Culture Government of India
लोकशाही अमर रहो!
बंधारणीय लोकशाहीને જાળવી રાખવા માટે સમર્પિત એક કાર્યક્રમ

કટોકટી લાદવાનાં 50 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં
આયોજિત કાર્યક્રમોનું સમાપન
સંવિધાન હત્યા દિવસ ૨૦૨૬
ભારતીય ઇતિહાસના કાળા યુગ પર એક નજર
"કટોકટી લાદવામાં આવી તેને ૫૦ વર્ષ થઈ ગયા છે; દેશની કોઈ પણ પેઢીએ બંધારણની હત્યા કરવાના આ પાપને ક્યારેય ભૂલવું ન જોઈએ."
– નરેન્દ્ર મોદી, વડા પ્રધાન
તારીખ: ૨૫ જૂન ૨૦૨૬ | સમય: સાંજે ૪:૦૦ વાગ્યે
સ્થળ: સેન્ટર ફોર કલ્ચરલ રિસોર્સિસ એન્ડ ટ્રેનિંગ (CCRT), ૧૫-એ, બ્લોક ડી, સેક્ટર ૭, દ્વારકા, દિલ્હી
કાર્યક્રમના મુખ્ય આકર્ષણો
વિશેષ પ્રદર્શની: 'સંવિધાન હત્યા દિવસ' અને 'લોકશાહી અમર રહો'
શોર્ટ-ફિલ્મનું સ્ક્રીનિંગ: 'સંવિધાન હત્યા દિવસ'
સ્વતંત્ર ભારતના ઇતિહાસના સૌથી મુશ્કેલ સમયમાં જેમણે અત્યાચાર સહન કર્યા અને હિંમત જાળવી રાખી, તે તમામ લોકોને સંગીતમય શ્રદ્ધાંજલિ
મુખ્ય અતિથિ
શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત
માનનીય કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી, ભારત સરકાર
વિશેષ સંબોધન
શ્રી રામ બહાદુર રાય
(કટોકટી દરમિયાન અટકાયત કરાયેલ વ્યક્તિ)
પ્રમુખ, ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ
CBC 09101/13/0014/2627